હની બી નેટવર્ક

સૃષ્ટિ

Sristi INNOVATIONS

# સૃષ્ટિ ઇન્નોવેશન રજૂ કરે છે.....

પત્રક ચકાસણી ફી
રૂ.૧૦૦

# સાત્વિક મહોત્સવ

**પારંપરિક વીસરાતી વાનગીઓ, સર્જનશીલતાનું પ્રદર્શન અને પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ**

**તારીખ : ૨૮-૨૯-૩૦-૩૧, ડિસેમ્બર ૨૦૨૪ (શનિ-રવિ-સોમ-મંગળ)**

**સમય : સવારે ૧૧થી રાત્રે ૯ વાગ્યા સુધી**

**મહોત્સવનું સ્થળ : શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા, એસ.જી. હાઈવે, અમદાવાદ**

**ફોન. 079 27913293, 27912792, 99253 20793, Email: sattvik@sristi.org**

## સાત્વિક મહોત્સવના મુખ્ય હેતુઓ

(૧) **તૃણધાન્યને લોકભોગ્ય બનાવવું:** વીસરાતા ધાન્યો જેમ કે રાગી, કોદરી, સામો, મોરૈયો, બંટી, કાંગ, રાજગરો, જવ, જુવાર, મકાઈ, બાજરી વગેરે જેવા પોષ્ટિક ધાન્યોમાંથી વૈવિધ્યસભર વાનગીઓ બનાવવી. આ વીસરાતી વાનગીઓ દ્વારા લોકોમાં તેના પારંપરિક સ્વાદ અને પોષણમૂલ્ય અંગે જાગૃતિ લાવવી. લુપ્ત થવાને આરે ઉભેલા આવા તૃણ ધાન્યો પુનઃ આપણા રોજિંદા ખોરાકનો ભાગ બને તે માટે કાર્ય કરવું.

(૨) **જૈવિક વિવિધતાનું સંવર્ધન કરવું:** વીસરાઈ રહેલી દેશી જાતો/દેશીબીજનું પ્રદર્શન યોજવું, બીજ મેળાનું આયોજન કરવું, બીજની અરસપરસ વહેંચણી કરવી, દેશી જાતોના સંવર્ધન માટે લોકજાગૃતિ પેદા કરવી. સાત્વિક મહોત્સવ દેશી બીજના જૈવવૈવિધ્યની જાળવણી માટેનો મંચ છે.

(૩) **ખેડૂત હાટ:** બિનરાસાયણિક ખેતી કરતા સૃષ્ટિ વેરીફાઇડ ખેડૂતો પોતાની ખેતપેદાશો શહેરના જાગૃત ગ્રાહકોને સીધુ વેચાણ કરી શકે તે માટે મંચ પૂરો પાડવો.

(૪) **વીસરાઈ રહેલી લોકકલાઓને લોકભોગ્ય બનાવવી:** ગ્રામીણ સંસ્કૃતિમાં રહેલ લોકકલાઓ, લોકગીતો, લોકકથાઓ અને જૂના વાદ્યોને આ મહોત્સવમાં રજૂ કરી નવી ઓળખ આપવી અને તેને લોકભોગ્ય બનાવવી.

(૫) **સર્જનશીલતાનુ પ્રદર્શન:** આપમેળે સમસ્યાઓનો ઉકેલ શોધતા ગ્રામીણ સંશોધકો તથા વિદ્યાર્થીઓએ કરેલ નવીન શોધનું પ્રદર્શન યોજી સર્જનશીલતાના સંસ્કારનું સિંચન કરવું.

**કાર્યાલયનું સરનામું: સૃષ્ટિ ઇન્નોવેશન, એઈએસ બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, અર્પણ બેબીકેર હોસ્પિટલ સામેના ખાંચામાં, AES સ્પોટર્સ ગ્રાઉન્ડની બાજુમાં, ગુજરાત યુનિવર્સિટી નજીક, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ००૯**

**ફોન: 079 27913293, 27912792, 99253 20793**

**web: www.sristi.org, Email: sattvik@sristi.org**

# સ્ટોલધારકો માટે નિયમો/માર્ગદર્શિકા

**૧. વ્યક્તિગત શ્રેણીઃ**

**ગરમ વાનગીના સ્ટોલમાં મળવાપાત્ર સુવિધાઓ**

- સ્ટોલની સાઈઝ ૧૦ x ૯.૫ ફૂટ રહેશે અને સ્ટોલ કાપડનો હશે. સ્ટોલની અંદર ગ્રીનનેટ પાથરેલી હશે.
- સ્ટોલની પાછળ ૮ ફૂટ ખુલ્લી જગ્યા છાંયડા સાથે રસોઈ બનાવવા માટે આપવામાં આવશે. **રસોઈ બનાવવાની આ જગ્યાએ ગ્રીન નેટ પાથરેલી નહિ હોય, તેથી સ્વચ્છતા જળવાય તે માટે દરેક સ્ટોલધારકે પોતાનું વધારાનું પાથરણું/ કપડુ લાવી જમીન ઉપર પાથરવાનું રહેશે.**
- દરેક સ્ટોલમાં ૪ ટેબલ, ૪ ખુરશી, ૨ ટ્યુબ લાઇટ (સ્ટોલની આગળ અને પાછળ) અને પાંચ વોલ્ટનો પાવર પ્લગ આપવામાં આવશે. જેમાં ઘરનું મિક્સર અને મોબાઈલ ફોન ચાર્જ કરી શકશો. (એક્સટેન્શન લગાવવાની છૂટ નથી, એક્સટેન્શન મહોત્સવના સ્થળ ઉપર લાવવાની મનાઈ છે.)
- રસોઈ બનાવવા માટે પાણી પોતાની જરૂરિયાત મુજબ પોતાના વાસણો (પીપ/નળા) માં ભરી રાખવાનું રહેશે. સ્ટોલની પાછળ અમુક અમુક અંતરે નળ લગાવ્યા હશે ત્યાંથી પોતાની જરૂરિયાતનું પાણી ભરી લેવાનું રહેશે.

  સ્ટોલની પાછળ કોઈ પણ સ્ટોલધારકે પોતાનું વાહન પાર્ક કરવાની મનાઈ છે. સ્ટોલની પાછળ પાણીના ટેન્કરના રસ્તામાં કોઈપણ માલસામાન સ્ટોલધારકે મુકવો નહીં. જેમ કે, શેરડીના સાંઠા, નાળિયેર, માટલા, બળતણ વગેરે
- **વધારાના ટેબલ ખુરશી, પ્લગ, ટ્યુબલાઈટ, હેલોજન, વગેરેની જરૂરિયાત ફોર્મ ભરતી વખતે જ જણાવી તેનુ શુલ્ક અલગથી સૃષ્ટિ કાર્યાલયમાં જમા કરાવવાનું રહેશે. મહોત્સવ શરૂ થઇ ગયા પછી કોઈ પણ સંજોગોમાં વધારાની સુવિધા** આપવામાં આવશે નહિ. માન્યતા વિનાના ઉપકરણ ચલાવવા દેવામાં આવશે નહિ. **રાત્રીના ૧૨થી સવારના ૭ કલાક સુધી પ્લગમાં પાવર સપ્લાય બંધ રહેશે.**

**૨. વ્યવસાયિક શ્રેણીઃ**

- ગરમ વાનગી સિવાયના પેકિંગ ઉત્પાદનો વેચતા સ્ટોલ ધારકોને પંડાલની લાઈનમાં સ્ટોલ આપવામાં આવશે. જેમાં સ્ટોલની પાછળ જગ્યા આપવામાં આવશે નહિં. સ્ટોલ સાઈઝ ૧૦ x ૯.૫ ફૂટ રહેશે. સ્ટોલની પાછળ જગ્યા નહી હોય. સ્ટોલની અંદર ગ્રીન નેટ પાથરેલી હશે. સ્ટોલમાં ત્રણ ટેબલ, ત્રણ ખુરશી અને એક ટ્યુબ લાઈટ હશે. લેપટોપ અને મોબાઈલ ચાર્જ માટે પાંચ વોલ્ટનો એક પ્લગ હશે. આ સિવાયની કોઈ પણ જરૂરિયાત માટે નોંધણી સમયે જ લેખિત જાણ કરવાની રહેશે.

- વ્યવસાયિક શ્રેણીમાં પેકિંગ પ્રોડક્ટની ગુણવત્તા, તોલમાપ ખાતાના નિયમ અનુસાર, મેન્યુફેક્ચરિંગ સરનામું, ઉત્પાદન તારીખ, વપરાશની અંતિમ તારીખ, મૂલ્ય, વજન સહિત તમામ વિગતો પેકીંગ ઉપર હોવી અનિવાર્ય છે. તમામ કાયદાકીય જવાબદારી માટે સ્ટોલ ધારક જવાબદાર રહેશે. આયુર્વેદિક અને કોસ્મેટિક ઉત્પાદનોનું સરકારના નિયમ અનુસાર ઉત્પાદન અને નોંધણી થયેલ હોય તે અનિવાર્ય છે.

૩. **સ્ટોલનું બેનરઃ**

ગરમ વાનગીના વ્યક્તિગત અને સંસ્થાગત સ્ટોલમાં બેનર ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ભાવ સાથે હોય એ અનિવાર્ય છે. બેનરની નિયત ડિઝાઇન, માપ, ફોન્ટ વગેરે માટે સૃષ્ટિના **નિર્ણયો અંતિમ ગણાશે.** સ્ટોલધારક બેનરમાં કોઈપણ પ્રકારનો સુધારો કે વધારો કરી શકશે નહિ. સ્ટોલની અંદરની બાજુ સ્ટોલધારક પોતાની રીતે સજાવટ કે બેનર લગાવી શકાશે. સ્ટોલની અંદર ડેકોરેશન માટે સીરીઝ, ડાન્સીંગ લાઈટ કે પ્રોજેક્ટરનો ઉપયોગ કરી શકાશે નહી. ટુંકમાં વિજળીથી ચાલતા ઉપકરણો સજાવટ માટે લાવી શકાશે નહી.

૪. **ભાવ અને વાનગીની ગુણવત્તાઃ**

ભાવપત્રક, વાનગીની રીત, વાનગીમાં વપરાતા તમામ પદાર્થો, પોષણ મૂલ્ય વગેરેની વિગતો **માન્ય કરાવવી અનિવાર્ય છે. તેલ, ઘી, મસાલા, દૂધ જેવા પદાર્થો શુધ્ધ વાપરવા.** કપાસિયાનું તેલ, વનસ્પતિ ઘી (ડાલડા), ચીઝ, પનીર, માયોનીઝ વગેરેનો ઉપયોગ કરવાની મનાઇ છે. **ઘી** વાપરવાનું થાય ત્યારે **માત્ર ગાયનું ઘી વાપરવું ફરજીયાત છે. માખણ વાપરવાનું થાય ત્યારે માત્ર સફેદ માખણ જ વાપરવાનું રહેશે. બજારમાં મળતું પ્રોસેસ્ડ માખણ વાપરવાની મનાઈ છે.** ગ્રાહકને પુરો અધિકાર છે કે તમે કયુ તેલ, ઘી કે દૂધ વાપર્યું છે તે સવાલ પુછી શકે. **કેસરીયા દૂધ, ખજૂર દૂધ જેવા સ્ટોલ કે જેમાં મુખ્ય પદાર્થ દૂધ હોય તેઓએ ગાયનું શુદ્ધ દૂધ જ વાપરવાનું રહેશે.** વાનગીની ગુણવત્તા બાબતે કચાશ જણાશે અથવા ગ્રાહકો તરફથી **મહોત્સવ દરમ્યાન સ્ટોલધારકની ફરીયાદ મળશે તેવા સંજોગોમાં સ્ટોલ બંધ કરાવવા સુધીના શિક્ષાત્મક પગલા શિસ્ત સમિતિ લઈ શકશે.**

- બધી જ વાનગીઓ વેજીટેરિયન રાખવી, ઈંડાં પણ વાપરવાની મનાઈ છે.
- વીસરાતી વાનગીઓમાં રહેલ પૌષ્ટિકતા અને તેના મૂલ્યોને ધ્યાનમાં રાખી ગરમ મસાલા અને તેલનો ઉપયોગ મર્યાદિત પ્રમાણમાં કરવા અનુરોધ છે અને શક્ય હોય ત્યાં સુધી વાસણ પિત્તળ કે લોખંડના વાપરવા તેમજ એલ્યુમીનીયમના વાસણ ઓછા વપરાય તે ઈચ્છનીય છે. કોઈપણ પ્રકારના **કૃત્રિમ રંગો, પ્રિઝર્વેટીવ, સોડા, લીંબુના ફૂલ વગેરેનો ઉપયોગ પ્રતિબંધિત છે.**
- અગાઉના વર્ષના સ્ટોલધારકોએ માર્ગદર્શિકાનું પાલન ન કર્યું હોય તેવા સ્ટોલધારકોના ફોર્મ/પત્રકો સ્વીકારવામાં કે ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
- સ્ટોલધારકોએ **કોઈપણ જાતના અવૈજ્ઞાનિક દાવા ગ્રાહકો સમક્ષ કરવા નહિ, તમે જે કહો કે રજૂ કરો તે વિજ્ઞાન આધારિત હોવું જોઈએ.**

૫. **પ્લાસ્ટીકના ઝભલા પ્રતિબંધીત:**

પ્લાસ્ટિકની કેરી બેગ, ગ્લાસ, ચમચી, થર્મોકોલના ગ્લાસ, અન્ય પોલીથીન કે પ્લાસ્ટીકમાંથી બનાવેલ વસ્તુ લાવવા-વેચવા કે ગ્રાહકને આપવા/વાપરવા પર પ્રતિબંધ છે. પાણીની બોટલ રાખવા-વેચવા પર પ્રતિબંધ છે.

- **સ્ટોલમાંથી પોલીથીન આધારીત કોઈપણ પ્રકારની સામગ્રી જોવા મળશે તો તેવા સંજોગોમાં કોઈ પણ સૂચના આપ્યા વગર તુરંત જ સ્ટોલ બંધ કરાવવામાં આવશે.**
- તમામ પેકિંગ મટીરિયલ ઇકોફ્રેન્ડલી જ વાપરવું. પેકિંગ મટીરિયલ બાબતે કોઈપણ પ્રકારની મુંઝવણ હોય તો સંસ્થા સાથે ચર્ચા કરી ઉકેલ મેળવવો.

૬. **પીવાનું પાણી:**

- તમામ મુલાકાતીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા 'સૃષ્ટિ ઈન્નોવેશન્સ' તરફથી કરવામાં આવશે. છથી સાત કાઉન્ટર પર પીવાના પાણીની વ્યવસ્થા હશે.
- સ્ટોલધારકોએ નક્કી કરેલ સપ્લાયર પાસેથી ૧૫૦૦ રૂપિયા ડિપોઝીટ ભરીને મહોત્સવના નિયત સ્થળેથી સ્ટોલધારકે જગ જાતે જ મેળવી લેવાનો રહેશે. પાણીના જગની ડિપોઝીટ મહોત્સવ પૂર્ણ થયે જગ જમા કરાવી રસીદ બતાવી ડિપોઝીટના નાણાં પરત મેળવી લેવાના રહેશે. પાણીના પ્રતિ જગ આશરે ૩૦ રૂ. લેખે શુલ્ક ચુકવવાનું રહેશે. સ્ટોલ ધારક પોતાનું પાણી ઘરેથી પોતાના જગમાં લાવી શકશે.
- મુલાકાતીઓ માટે પીવાનું પાણી છે, ત્યાંથી સ્ટોલ ધારકોને પાણી પીવાની છૂટ છે પણ ત્યાંથી નાની બોટલ કે જગ ભરવાની મનાઈ છે. આવુ કરનાર સ્ટોલ ધારકની ડિપોઝીટની રકમમાંથી નાણાં કાપી પાણી સપ્લાય કરતી એજન્સી નાણાં ચુકવવામાં આવશે.

૭. **ઓળખપત્ર**

- ગરમ વાનગીના સ્ટોલધારકને **ફોટા સાથેના કુલ ૮ વ્યક્તિઓ માટે ઓળખપત્ર મળશે**.
- **પ્રોડક્ટના સ્ટોલધારકોને માત્ર ચાર (૪) વ્યક્તિઓ માટે ઓળખપત્ર મળશે.**
- ટેબલ સ્પેસ અને ખેડૂત હાટના સ્ટોલ ધારકોને નોંધણી દીઠ બે ઓળખપત્ર મળશે.
- આ માટે સ્ટોલધારકોએ સ્ટોલમાં કામ કરવાના હોય તેવી વ્યક્તિઓના કલર ફોટા અને પૂરુ સરનામું લઇને સૃષ્ટિમાં રૂબરૂ આવવું. નિયત ઓળખપત્રમાં આ ફોટાઓ લગાવી સરનામું લખી સૃષ્ટિ સંસ્થાના સહી સિક્કા કરાવી લેવા. **સમય મર્યાદા પછી નવા ઓળખપત્રની વિનંતી ધ્યાનમાં લેવામાં નહિ આવે.** જે સ્ટોલધારકો ઓળખપત્ર મેળવવામાં રહી જશે તેઓએ મહોત્સવ પરિસરની અંદર અવર-જવર કરવા માટે ફરજીયાત **૫૦/-** રૂપિયાની પ્રવેશ કુપનનો ઉપયોગ કરવો પડશે.

- ઓળખપત્ર લેવા આવો ત્યારે સ્ટોલમાં કાર્ય કરનાર તમામ સહાયકોના પૂરા-નામ સરનામા અને ફોન નંબર સૃષ્ટિના અલગ પત્રકમાં લખવાના રહેશે. સૃષ્ટિની માર્ગદર્શિકા આ તમામ કાર્યકરોને વંચાવવી અને તેનું પાલન થાય તે જવાબદારી સ્ટોલધારકના શીરે રહેશે. ફોટા વગરનું ઓળખપત્ર માન્ય ગણાશે નહીં. ફોટા વગરના ઓળખપત્રનો ઉપયોગ થશે તો ગેટ ઉપર સિક્યુરીટી દ્વારા જપ્ત કરવામાં આવશે.

## ૮. જોખમઃ

મહોત્સવ દરમ્યાન કોઈપણ પ્રકારની કુદરતી કે માનવસર્જિત આપદા (આગ, ભૂકંપ, વાવાઝોડુ, વરસાદ, હુલ્લડ, ચોરી કે અકસ્માત) ના સંજોગોમાં **સ્ટોલધારકને કોઈ પણ પ્રકારનું નુકસાન થશે તો તેનું જોખમ જે તે સ્ટોલધારકોના શીરે રહેશે.** આયોજક તરફથી ફાયર બ્રીગેડ, ખાનગી સીક્યુરીટીની સેવાઓ સ્થળ ઉપર ઉપલબ્ધ હશે. સ્ટોલધારકને કોઇપણ પ્રકારે થયેલ આર્થિક નુકસાન માટે સૃષ્ટિ ઈન્નોવેશન સંસ્થા કોઇપણ રીતે જવાબદાર નથી.

- **ગેસના વપરાશ અંગે સાવચેતીઃ** રસોઇ બનાવવા માટે ઘરેલુ ગેસ સિલિન્ડર વાપરવાની સખ્ત મનાઇ છે. માત્ર કોમર્શિયલ (મોટા) માન્ય સિલિન્ડર જ વાપરવા. ગેસની પાઇપ કે સગડી ખામીયુક્ત કે ક્ષતિયુક્ત છે કે નહી તેની પહેલેથી જ ચકાસણી કરી લેવા અનુરોધ છે.

## ૯. સ્વચ્છતા જાળવવીઃ

સ્ટોલની આગળ તથા રસોઈ બનાવવાની જગ્યાએ **સ્ટોલધારકોએ સ્વયં સ્વચ્છતા જાળવવાની રહેશે.** આ માટે ગરમ વાનગીના સ્ટોલધારકે સ્ટોલ દીઠ એક સફાઈ કર્મીને નિયુક્ત કરવાનો રહેશે જે માત્ર સફાઈ અને સ્વચ્છતા ઉપર ધ્યાન રાખશે.

સ્ટોલની આગળ પાંચથી સાત ફૂટ તથા સ્ટોલની પાછળ કોઈપણ પ્રકારની ગંદકી ન થાય તેની જવાબદારી સ્ટોલધારકની રહેશે. **ડસ્ટબીન (કચરાપેટી) સ્ટોલધારકે પોતાનાં ઘરેથી લઈ આવવી અને મહોત્સવમાં નક્કી કરેલ સ્થળે ટ્રેકટર ટ્રોલી કે AMCના ડસ્ટબીનમાં કચરો જમા કરાવવાનો રહેશે.**

**કચરો ભરવાની કાળી બેગ દરેક સ્ટોલ ધારકે પોતાની મેળે ખરીદીને સ્ટોલનો કચરો બેગમાં જ ભરવાનો રહેશે.**

- સ્ટોલધારક કે સ્ટોલમાં કામ કરતા પરિવારના સભ્યો, સ્ટાફ, રસોઈયા કે સફાઈ કામદાર દ્વારા બીડી, તમાકુ, ગુટખા, મસાલા સહિતના કોઈપણ વ્યસનો મહોત્સવ દરમ્યાન આ પરિસરમાં પ્રતિબંધિત છે. રસોઈ બનાવાનારે માથે ટોપી, હેન્ડગ્લોઝ અને એપ્રોન પહેરવું ફરજીયાત છે. સ્વચ્છતા એ મુખ્ય પ્રાથમિકતા છે.
- રસોઈ બનાવનાર અને પીરસનાર વ્યક્તિને નખ કાપેલા હોય તે તકેદારી રાખવી.
- સાંજે સ્ટોલ બંધ કરતી વખતે પણ તમામ કચરો નિયત કાળી બેગમાં ભરી કચરાપેટીમાં હોય ત્યાં મુકવાનો રહેશે. છેલ્લા દિવસે રાત્રે સ્ટોલ બંધ કરતી વખતે પણ સ્ટોલધારકો એ જ સફાઈ કરીને જવાનું રહેશે.

- શાકભાજી સમારતાં પહેલાં ધોઈ સાફ-સુફ કરીને જ રસોઈ બનાવવી. શાકભાજીનો કચરો પોતાની ડસ્ટબીન અથવા ગારબેજ બેગમાં ભરવો. **સૂકો અને ભીના કચરા** માટે અલગ-અલગ ડસ્ટબીન રાખો તે અપેક્ષિત છે.
- સૃષ્ટિના સ્વૈચ્છિક કાર્યકરોની ટીમને ક્રમબદ્ધ રીતે દરેક સ્ટોલની સફાઈ વ્યવસ્થાનું મૂલ્યાંકનની જવાબદારી ગોઠવી છે. જે સ્ટોલધારકો સફાઈ વ્યવસ્થામાં ઉણા ઉતરશે તેઓની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને સ્ટોલ બંધ કરાવવા સુધીના પગલાંઓ ભરવામાં આવી શકે છે.
- વાસણ ધોવા ઓછું પાણી વાપરવું, વાસણ ધોયેલુ પાણી ત્યાં ગંદકી ન કરે તેનું ધ્યાન રાખવું. વાસણ ધોયેલુ પાણી પણ મોટા પાત્રમાં એકત્ર કરી યોગ્ય જગ્યાએ જ નિકાલ કરવાનો રહેશે.
- ગરમ વાનગીના સ્ટોલધારકોએ વાનગી પીરસતી વખતે **હેન્ડ ગ્લોઝ, એપ્રોન અને માથે ટોપી પહેરવી ફરજીયાત છે.**

**૧૦. મ્યુનિ.માં નોંધણીઃ**

ગરમ વાનગીના સ્ટોલની નોંધણી મ્યુનિ.માં સ્ટોલધારકે સ્વયં કરાવવાની રહેશે.

- FSSAI માં ફૂડ સ્ટોલની નોંધણી માટે આધાર કાર્ડની બે ઝેરોક્ષ, પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટા, ૩૦૦ રૂ. સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ અને ૧૦૦ રૂપિયા ફી જરૂર પડતી હોય છે. આ ઓનલાઈન નોંધણી સ્ટોલ હોલ્ડર સ્વયં અથવા ખાનગી એજન્ટ મારફતે પણ કરી શકે છે.

**૧૧. વાનગીની પસંદગી અને સ્ટોલની ફાળવણીઃ**

**છ વાનગીઓ પૈકી બે વાનગી હલકા ધાન્યમાંથી બનેલી હોવી જોઈએ. (રાગી, કોદરી, સામો, મોરૈયો, બંટી, કાંગ, જવ, જુવાર, મકાઈ, બાજરી) તમારા સ્ટોલની વાનગીઓ સાત્વિક અને પૌષ્ટિક હોય તેમજ હલકા અનાજમાંથી બનેલી હોય તે આવશ્યક છે.**

- ખીચુ, હાંડવો, ઢોકળાં, ખમણ, પીઝા, દાબેલી, ભાજીપાઉં, વડાપાઉ, સેન્ડવીચ, પાણીપુરી, ચોળાફળી, ભુંગળા બટાકા, પાઉં, **બ્રેડ કે મેંદામાંથી બનતી તમામ વાનગીઓ માટે સ્ટોલ ફાળવવામાં નહિ આવે.**

  સ્ટોલના નંબર/ક્રમાંક વાનગીની વિવિધતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. વ્યવહારિક ધોરણે ગ્રામીણ સ્ટોલધારકોને પ્રાથમિકતા આપવાનું "સૃષ્ટિ ઈનોવેશન"ના ઉદ્દેશ્યોમાં છે તેથી શહેરી સ્ટોલધારકોએ આ બાબતે ચર્ચા, ભલામણ કે આગ્રહ રાખવો નહીં.
- સ્ટોલની ફાળવણી માત્ર વીસરાતી વાનગીઓને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવશે. ચીલાચાલુ વાનગીઓ કે **શહેરના રેસ્ટોરન્ટ તેમજ લારી-ગલ્લાં ઉપર સુલભ હોય તેવી કોઈપણ વાનગી માટેના ફોર્મ/અરજી સ્વીકારવામાં આવશે નહીં.**

- પ્રાપ્ત અરજીઓ/આવેદનમાંથી વાનગીની વિવિધતા, પોષણમૂલ્ય, સ્ટોલધારકનો હેતુ, વાનગી બનાવવાની અને વેચવાની ક્ષમતા અને ઉદ્યોગ સાહસિકતા વગેરેને ધ્યાનમાં લઇ પસંદગીના સ્ટોલ ધારકોને સમિતિ સમક્ષ રૂબરૂ ચર્ચા માટે બોલાવવામાં આવશે. સમિતિના સભ્યો વાનગીમાં સુધારા-વધારા સૂચવી શકે છે.
- હાથ વલોણા સિવાયની છાશ વેચી શકાશે નહિ. (ખાસ કરીને અમૂલના પાઉચ!) તમામ શહેરી સ્ટોલધારકોને છાશ રાખવાની કે વેચવાની મનાઈ છે. માત્ર આખી થાળી (કોમ્બો)માં છાશ એક ભાગ હોય તો આપી શકાશે પણ અલગથી છાશ વેચી શકાશે નહીં. વળી, એ છાશ પણ હાથ વલોણાની હોવી ફરજીયાત છે.
- ગ્રામીણ મહિલાઓ પોતાના ઘરની ગાયોના દૂધ-દહીંમાંથી સ્થળ ઉપર વલોણાની છાશ વેચી શકશે.
- જે હેતુસર સ્ટોલની ફાળવણી કરી હોય તે સિવાયની કોઈપણ અન્ય પેદાશો, માહિતી કે પત્રિકા વહેંચી - વેચી કે પ્રદર્શિત કરી શકાશે નહિં. અન્ય ઉત્પાદકો કે મિત્રોને તમારા સ્ટોલ પરથી કોઇપણ પ્રકારનો પ્રચાર કરવાની છૂટ નથી. આવુ કૃત્ય કરનાર સ્ટોલ ધારકનો સ્ટોલ બંધ કરાવવાથી લઈ ડિપોઝીટ જપ્ત કરવા સુધીનાં પગલાં લેવામાં આવશે.
- સ્ટોલ અંગે આપની ખાસ જરૂરિયાત/સૂચન કે અપેક્ષા હોય તો ફોર્મ ભરતી વખતે જ લેખિત રજૂઆત કરવી, **મૌખીક અથવા મોબાઈલ ફોન ઉપર કરેલી રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

૧૨. **સ્ટોલ શુલ્ક અને ડિપોઝીટની રકમઃ**

ચેક અથવા રોકડેથી સૃષ્ટિ ઈનોવેશન્સ (Sristi Innovations) ના AXIS બેંક એકાઉન્ટમાં જે તે સ્ટોલ ધારકે નાણાં સ્વયં ભરવાના છે. પસંદગી પામેલા સ્ટોલધારકોને બેંકમાં ભરવા માટેની ખાસ બેંક સ્લીપ સૃષ્ટિ સંસ્થામાંથી જ આપવામાં આવશે. નાણાં રોકડા/ચેકથી જમા કરાવ્યા પછી બેંક સ્લીપની એક કોપી સૃષ્ટિ કાર્યાલયમાં ફરજીયાત જમા કરાવવાની રહેશે. GST ક્રેડિટ લેવાની હોય તેઓએ સંસ્થામાં નાણાં ભરતી વખતે ફોર્મમાં જાણ કરવી. **GST ક્રેડિટ લેવાની હોય તેઓએ જે-તે કંપની/ફર્મના બેંક એકાઉન્ટમાંથી નાણાં ચુકવવાના રહેશે.**

- ક્યાંક એવું બને કે પૈસા જમા કરાવવાની સૂચના મળ્યા પછી પણ સૃષ્ટિ ઈન્નોવેશન સંસ્થાને એવું લાગે કે, આ વાનગીઓ મહોત્સવના ઉદ્દેશ્યોને અનુરૂપ નથી, અથવા સ્ટોલધારકનો કોઈ અન્ય હેતુ-આશય જણાશે તેવા સંજોગોમાં ભરેલા નાણાં પાછા આપી, સ્ટોલ રદ કરી દેવામાં આવશે. **કોઈ કારણ આપ્યા વિના સ્ટોલ રદ કરવાનો અધિકાર સૃષ્ટિ ઇન્નોવેશન્સને અબાધિત છે, તે સમજીને સ્ટોલની નોંધણી કરાવવી.**
- કોઈ પણ સ્ટોલધારક ખૂણાના અથવા પસંદગીના સ્ટોલની માંગણી કરશે તો તેઓએ સ્ટોલ શુલ્કના ૧૦૦% વધુ રકમ ચુકવવી પડશે.
- જે સ્ટોલધારકો **ગરમ વાનગીની સાથે કોઈ પણ પ્રકારની પેકીંગ પ્રોડક્ટ વેચતા હશે તેઓએ પણ વ્યવસાયિક શ્રેણીમાં લાગુ પડતુ શુલ્ક ચુકવવાનું રહેશે.**

૧૩. **વાનગીનો જથ્થો અને કિંમત દર્શાવતું બેનર સ્ટોલ ધારકે અંદરની બાજુ લગાવવું ફરજીયાત છે.** નિયત જથ્થાથી ઓછું વજન ગ્રાહકને આપવું તોલમાપ ખાતાના નિયમો અનુસાર દંડનીય પ્રવૃત્તિ ગણાશે. આ માટે સ્ટોલધારક જવાબદાર ગણાશે. વસ્તુનું નામ, પ્રમાણ અને મૂલ્ય લખવુ આવશ્યક છે.

૧૪. **મંડપ પરિસરમાં વાહન પ્રતિબંધઃ**

કાચા માલ-સામાન (શાકભાજી, દૂધ, શેરડી, નારીયેળ, ગેસની બોટલ, સીધુ સામાન કે અન્ય) માટે વાહન સ્ટોલની પાછળ થઈ લઈ જવુ. મુખ્ય ગેટથી વાહન પ્રવેશની મનાઈ છે. ગ્રીનનેટ ઉપર વાહન ચલાવવાની મનાઈ છે. મુખ્ય ગેટથી સામાન ઊંચકીને મુખ્ય પ્રવેશદ્વારથી લઈ જવું પડશે. આ માટે જરૂરી છે કે, અગાઉથી જ તૈયારી અને આયોજન કરી લેવું. સ્ટોલની પાછળ વાહન પાર્ક કરવું નહી. **જે સ્ટોલધારકનું વાહન સ્ટોલની પાછળ પાર્ક હશે તેઓનો સ્ટોલ બંધ કરાવા સુધીના પગલાં લેવામાં આવશે.** પાણીના ટેન્કર, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ માટે આ રસ્તાને ખુલ્લો રાખવો જરૂરી છે. વાહન બાબતે મહોત્સવ દરમ્યાન નિયમોમાં ફેરફાર કરવાનો અધિકાર આયોજકશ્રી પાસે છે.

૧૫. **મહોત્સવ પરિસરમાં ગેરકાયદેસર પ્રવેશઃ**

જે સ્ટોલધારકો કે તેમના સહાયકો અને સગાઓ પ્રવેશ પાસ લીધા વગર સીધા જ કપડાની દિવાલ ઓળંગી ગેરકાયદેસર પ્રવેશ મેળવશે તેવા સ્ટોલધારકોની ડીપોઝીટ અંશત: કે પુર્ણ જપ્ત કરવામાં આવશે. ઘર્ષણના સંજોગોમાં સ્ટોલ તાત્કાલિક બંધ કરવામાં આવશે. સિક્યુરીટી કાર્યકરો સાથે કોઈપણ પ્રકારના વાદ-વિવાદ કે ચર્ચામાં પડવું નહીં.

૧૭. સ્ટોલધારકોને વિનંતી છે કે, આ માર્ગદર્શિકાનું પાલન થાય તે માટે તેમના પરિવારજનો, સહાયક રસોઈયા અને સાથીમિત્રોને બધા જ નિયમોથી પહેલાંથી અવગત કરાવે. **તમામ લોકો પોતાનું ઓળખપત્ર ગળામાં લટકાવેલું રાખે તે ઈચ્છનીય છે. ફોટા લગાવ્યા વગરના ઓળખપત્ર વપરાશમાં હશે તે સુરક્ષાકર્મી/સ્ટાફ દ્વારા જપ્ત કરવામાં આવશે.**

**તમામ નિયમો અને મર્યાદાઓ સાત્ત્વિક મહોત્સવના સુચારુ સંચાલન માટે છે.**
**સ્ટોલધારકો તરફથી પ્રતિભાવો હંમેશા આવકાર્ય છે.**

**ધ્યાન રાખવાની બાબત**

૧. **મિટિંગ અંગેની જરૂરી સૂચનાઓ સાત્વિક-૨૦૨૪ના વોટસઅપગૃપ મારફતે જ મોકલવામાં આવશે. મિટિંગમાં હાજર નહી રહેનાર સ્ટોલ ધારકને સ્ટોલ ફાળવવામાં આવશે નહીં.**

# સ્ટોલધારકો માટે વિગતવાર કાર્યક્રમની રૂપરેખા

| ક્રમ | તારીખ | કામની વિગત |
|---|---|---|
| ૧ | ૦૮-૧૧-૨૦૨૪ થી ૨૨-૧૧-૨૦૨૪ | ફોર્મનું વિતરણ, સ્વીકાર, ચકાસણી |
| ૨ | ૨૩-૧૧-૨૦૨૪ થી ૩૦-૧૧-૨૦૨૪ | માન્ય સ્ટોલ ધારકોને શુલ્ક ભરવા માટેની સ્લીપનું વિતરણ.<br>શુલ્ક સ્વીકારવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૪ |
| ૩ | ૦૭-૧૨-૨૦૨૪ (શનિવાર) | સ્ટોલધારકો સાથે **પ્રથમ મિટીંગ ત્રણ વાગે** સૃષ્ટિ સંસ્થા ખાતે<br>મિટીંગ સમયસર શરૂ થશે અને હાજરી પુરવામાં આવશે. |
| ૪ | ૨૧-૧૨-૨૦૨૪ શનિવાર | સ્ટોલધારકો સાથે **બીજી મિટીંગ ત્રણ વાગે** સૃષ્ટિ સંસ્થા ખાતે<br>મિટીંગ સમયસર શરૂ થશે અને હાજરી પુરવામાં આવશે.<br>સ્ટોલ ધારકોએ કરેલી તૈયારી અને વાનગીઓ અંગે સમજૂતિ.<br>બેનરનું લખાણ ફાઈનલ કરાવવા સૃષ્ટિમાં રૂબરૂ મળવું.<br>ઓળખપત્ર માટે ફોટા લઈ આવવું. |
| ૫ | ૨૫-૧૨-૨૦૨૪<br>બુધવાર | - **વીસરાતી વાનગીઓની હરીફાઈ**<br>**સમયઃ** બપોરે ૨.૦૦ કલાકે,<br>**સ્થળ: સૃષ્ટિ, એઈએસ બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, અર્પણ બેબીકેર હોસ્પિટલ સામેના ખાચામાં, AES સ્પોર્ટસ ગ્રાઉન્ડની બાજુમાં, ગુજરાત યુનિવર્સિટી નજીક, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯** |
| ૬ | ૨૭-૧૨-૨૦૨૪<br>શુક્રવાર | સ્ટોલનું પઝેશન સાંજે સાત વાગ્યા પછી.<br>જે તે સ્ટોલના બેનર લગાવવામાં સ્ટોલધારકોએ મદદ કરવી જરૂરી છે. - **વાહનો સ્ટોલની પાછળથી પ્રવેશ કરશે.**<br>**મુખ્ય ગેટથી પ્રવેશ કરવો નહિ.** |
| ૭ | ૨૮-૧૨-૨૦૨૪, શનિવાર | સાત્ત્વિક મહોત્સવનું ઉદ્‌ઘાટન<br>સવારે ૧૦.૩૦ કલાકે |
| ૮ | ૩૧-૧૨-૨૦૨૪, મંગળવાર | સાત્ત્વિક મહોત્સવનું સમાપન (સમય: રાત્રે ૯.૩૦ વાગે) |
| ૯ | ૧૧-૦૧-૨૦૨૫, શનિવાર | જમા હશે તેઓની ડિપોઝીટની રકમ પરત કરવાનું શરૂ કરીશું. |
| ૧૦ | ૧૮-૦૧-૨૦૨૫, શનિવાર | પ્રતિભાવ મિટિંગ-સૃષ્ટિ પરિસર, ૩.૩૦થી ૫.૩૦ વાગે |

## **સ્ટોલ શુલ્ક** (SRISTI INNOVATIONS GST NO : 24AAETS4798M1ZP)

**સ્ટોલ શુલ્ક ઓછુ કરવા બાબતે કોઈ ચર્ચાને અવકાશ નથી. જમીનનું ભાડુ, મંડપ, લાઈટ, સફાઈ, સિક્યુરીટી, પ્રચાર, બેનર, સરકારી કર સહિતના ખર્ચાઓ સંસ્થા સ્ટોલ શુલ્કમાંથી કરે છે. સંસ્થા નહી નફો, નહી નુકસાનના ધોરણે કોઈ પ્રોજેક્ટ સહયોગ કે સરકારની મદદ વગર આયોજન કરે છે, તેથી સ્ટોલ શુલ્ક લેવું અનિવાર્ય છે.**

| ક્રમ | વિગત | ચાર દિવસ માટે સ્ટોલ વ્યવસ્થા સહયોગ રાશિ (GST/CST સાથે) | સ્ટોલ ડિપોઝીટ | ચાર દિવસ માટે સ્ટોલ વ્યવસ્થા સહયોગ રાશિ (રૂપિયા) |
|---|---|---|---|---|
| ૧ | **ગરમ વાનગીના સ્ટોલ** | | | |
| | વ્યક્તિગત શ્રેણી / SHG / ટ્રસ્ટ | 35000/- | 2000/- | 37000/- |
| | હોટલ/રેસ્ટોરન્ટ (નાની હોટલ કે રેસ્ટોરન્ટ ધરાવતાં વ્યવસાયિકો) | 50000/- | 5000/- | 55000/- |
| ૨ | **વ્યવસાયિક શ્રેણીઃ**<br>આયુર્વેદિક ઉત્પાદનો/હર્બલ સૌંદર્ય પ્રસાધનો/ઓર્ગેનીક ખાદ્યપેકિંગ પ્રોડક્ટ/અન્ય | 50000/- | 5000/- | 55000/- |
| ૩ | **પુસ્તકો/પ્રદર્શન, હસ્તકલા, સાંસ્કૃતિક, જન-જાગૃતિના સ્ટોલ** | 25000/- | 5000/- | 30000/- |
| ૪ | **કોર્પોરેટ સ્પોન્સરશીપ આવકાર્ય** 1,00,000/- **કે તેથી વધુ**<br>**માત્ર ઈકો ફ્રેન્ડલી પ્રોડકટ અને સર્વિસીસ** | | | |
| ૫ | **પંડાલમાં માત્ર એક ટેબલ સ્પેસ :**<br>(૧) એકથી ત્રણ પ્રોડક્ટ માટે<br>(૨) ચારથી વધુ પ્રોડક્ટ માટે<br>(૩) તમામ બ્રાન્ડેડ પ્રોડક્ટ માટે | <br>15000/-<br>20000/-<br>25000/- | | |
| ૬ | **પ્રાકૃતિક ખેડૂત હાટ: ટેબલ દીઠ ચાર દિવસનું શુલ્ક**<br>જાતે ખેતી કરતા અને ખેતી ઉપર આજીવીકા હોય તેવા માન્ય ખેડૂતોની ખેતપેદાશો જેમ કે, સીંગતેલ, મગફળી, કઠોળ, મસાલા, અનાજ, શાકભાજી, ફળ, શેરડીનો રસ, ગોળ, ઘી વગેરે વેચી શકશે.<br>**નોંધઃ** તમામ મૂલ્યવર્ધિત ઉત્પાદનો જેમ કે; એલોવેરા, આમળા, બિજોરા, મધ, ઔષધી, શરબત અને પીણાં, હર્બલ સૌદર્ય પ્રસાધનો, મિલેટ ઉત્પાદનો વગેરે ટેબલ સ્પેશ કેટેગરીમાં સામેલ કરવામાં આવશે.<br>ખેડૂતહાટથી અલગ બેઠક વ્યવસ્થા હશે. | 4000/- | | 4000/- |

**- જેમના ખેતર વેરીફિકેશન થયા નથી તેમને ખેડૂતહાટમાં જગ્યા નહી મળે.**

**માન્ય સ્ટોલધારકો માટે જ**

સૃષ્ટિ ઇન્નોવેશન રજૂ કરે છે...

# સાત્વિક મહોત્સવ

હની બી નેટવર્ક

**પારંપરિક વીસરાતી વાનગીઓ, સર્જનશીલતાનું પ્રદર્શન અને બિન રાસાયણિક ખેત પેદાશોનું વેચાણ**

**તારીખ : ૨૮-૨૯-૩૦-૩૧, ડીસેમ્બર ૨૦૨૪ (શનિ-રવિ-સોમ-મંગળ), સમય : સવારે ૧૧થી રાત્રે ૯ વાગ્યા સુધી**

**સ્થળ : શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા, એસ.જી. હાઈવે, અમદાવાદ**

**ફોન. 079 27913293, 27912792, 99253 20793, Email: sattvik@sristi.org**

## સ્ટોલ નોંધાવવા માટેનું અરજી પત્રક

**આ વિગતો ભરતા પહેલા નિયમો અને માર્ગદર્શિકાનો અભ્યાસ કરવો જરૂરી છે.**

સ્ટોલ ધારકનું નામ.......................................................................................................

સરનામું:.......................................................................................................

.......................................................................................................

વૉટસઅપ મો.......................................................................................................

GST નંબર.................................................... GST નો લાભ લેવાનો હોય તો GST ની પ્રમાણિત નકલ બીડાણ કરવી.

PAN નં.................................................... પાન કાર્ડની પ્રમાણિત નકલ બીડાણ કરવી.

GST રસીદ ક્યા નામે જોઈએ છે?.......................................................................................................

GST ક્રેડિટ લેવાની હોય તેઓએ જે-તે કંપની/ફર્મના બેંક એકાઉન્ટમાંથી જ શુલ્ક ચુકવવું.

---

### ઓફિસ દ્વારા ભરવાની માહિતી

**સ્ટોલ ધારકની પ્રાથમિક માહિતી**

શહેરી સ્ટોલ ધારક:.................................................... ગ્રામીણ સ્ટોલ ધારક....................................

મહિલા ઉદ્યમી.................................. પુરુષ ઉદ્યમી.............................. યુવા વિદ્યાર્થી..............................

ખેડૂત.................................................................... ખેડૂત મહિલા....................................................

આદિવાસી/વનવાસી ખેડૂત.......................................................................................................

સંસ્થા (એનજીઓ)................................................ મહિલાઓના જૂથ SHG.......................................

**સ્ટોલની કેટેગરી/શ્રેણી**

(૧) ગરમ વાનગી - વ્યક્તિગત.................... ગ્રામીણ ઉદ્યમી મહિલા-જૂથ...................... હોટલ/રેસ્ટોરન્ટ....................

(૨) પ્રોડક્ટ સ્ટોલ..................... (૩) પુસ્તક પ્રદર્શન - NGO..........................(૪) ટેબલ સ્પેસ.........................

(૫) ખેડૂત હાટ- નાના ખેડૂત: ટેબલ.............................................એક થી વધુ ટેબલ ધરાવતા............................

**સ્ટોલ શુલ્ક, GST અને ડિપોઝીટ સાથે**

સ્ટોલ શુલ્ક....................................... ડિપોઝીટ.................................. કુલ ટોટલ...........................................

- ગરમ વાનગીના વ્યક્તિગત સ્ટોલધારકોએ સ્ટોલ સહયોગ રાશિ ઉપરાંત ડીપોઝીટ અલગથી જમા કરાવવાની રહેશે. સ્ટોક ધારકોએ જે નિયમોનું ચુસ્તપણે પાલન કર્યું હશે તેઓને મહોત્સવ પૂર્ણ થયાના પંદર દિવસ બાદ પરત આપવામાં આવશે.
- નિયમો અને માર્ગદર્શિકાનું પાલન ન કરનાર સ્ટોલધારકોને ડીપોઝીટ પરત આપવામાં આવશે નહીં.*
- સફાઈના નિયમોનું પાલન ન કરનારની ડીપોઝીટ પરત આપવામાં આવશે નહીં.
- ફાળવેલ સ્ટોલ અન્ય સ્ટોલધારકને સ્ટોલ તબદીલ, કોન્ટ્રાક્ટ કે સબ કોન્ટ્રાક્ટ કે ભાગીદારીમાં આપી શકશે નહિ.
- નોંધાવ્યા વિનાના કે માન્ય થયા વિનાના ઉત્પાદનોનું વેચાણ કે પ્રચાર કરી શકાશે નહીં.
- સ્ટોલ માત્ર વ્યક્તિગત સ્ટોલધારકને આપવામાં આવે છે. ભાગીદાર કે સબ કોન્ટ્રાક્ટ આપી શકાશે નહિં.

---

## ડેક્લેરેશન/સોગંદનામુ

હું......................................................................................................, મે/અમે વીસરાતી વાનગીઓના મહોત્સવમાં સ્ટોલ લેવા વિશેની માર્ગદર્શિકા/નિયમો વાંચી બરાબર સમજી લીધા છે. આ માર્ગદર્શિકાની વિગતો સાથે હું/અમે સંપૂર્ણ રીતે સહમત છું/છીએ. સ્ટોલમાં કાર્ય કરનાર તમામ સહાયક અને કુટુંબના સભ્યોને આ માર્ગદર્શિકા વંચાવી છે અને તેઓ તેનું પાલન કરે તે માટે હું/અમે વચનબદ્ધછું/છીએ. મારા સ્ટોલની સફાઈ માટે અમારા પરિવાર/ફર્મ તરફથી શ્રી/શ્રીમતી .................................... (મો)........................ ને નિયુક્ત કરીએ છીએ. વીસરાતી વાનગીના મહોત્સવના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને પસંદગી સમિતિ સાથે થયેલ ચર્ચા-વિચારણા અને સૂચનો મુજબ જ સ્ટોલની નોંધણી કરાવું છું/છીએ. જો હું/અમે આ નિયમો અને માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળ જઇશ તો આયોજક સંસ્થા(સૃષ્ટિ ઇન્નોવેશન)ને મારો સ્ટોલ મહોત્સવ દરમ્યાન જ રદ્દ કરવાનો અધિકાર છે તે જાણી-સમજીને હું સાત્ત્વિક સ્ટોલ શુલ્ક + **GST** રૂ. .....................નો ચેક/કેશ/ઑનલાઈન પેમેન્ટ ...................... તા.................. AXIS બેંકની મેમનગર (અમદાવાદ) શાખામાં **Sristi Innovations (સૃષ્ટિ ઇન્નોવેશન)**ના એકાઉન્ટ નંબર 032010100568227 (બ્રાન્ચ કોડ 1873, IFSC Code. UTIB0001873) માં જમા કરાવું છું. આ સાથે નાણાં ભર્યાની ઓરીજનલ બેંક સ્લીપ બીડાણ કરું છું.

**સ્ટોલધારકની સહી:**______________________ **તારીખ:**______________________

### *ઓફિસ ઉપયોગ માટે*

*બેંકનું નામ*.....................................................*ચેક ક્રમાંક/કેશ/ઑનલાઈન*..................... *રૂ*......................

*બેંકમાં જમા મળ્યા તારીખ* ...........................................................................................

*ફેર તપાસ કરનારનું નામ*...........................................................................................

---

**સરનામું: સૃષ્ટિ, AES બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, અર્પણ બેબીકેર હોસ્પિટલ સામેના ખાચામાં, AES સ્પોટર્સ ગ્રાઉન્ડની બાજુમાં, ગુજરાત યુનિવર્સિટી નજીક, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯**
ફોન નં : 079- 27912792 / 27913293, (M) 99253 20793,
web: www.sristi.org, Email: sattvik@sristi.org

**આ લખાણ બેનર માટે ઉપયોગી હોવાથી સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખવું. ચેક-ચાક કરેલું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

સ્ટોલ ધારકનું નામ ..........................................................................................................

સરનામું: ..........................................................................................................

..........................................................................................................

..........................................................................મો. ..........................................................................

વોટસઅપ નંબર (૧)..........................................................................(૨)..........................................................................

**સાત્ત્વિક મહોત્સવમાં તમે જે વાનગી રજૂ કરવાના છો તે બજારમાં પ્રચલિત વાનગીઓ કરતાં કેવી રીતે અલગ પડે છે તેની સ્પષ્ટ રજૂઆત કરવાની રહેશે.**

**નોંધ: છ થી વધુ વાનગી એક સ્ટોલમાં રાખી શકાશે નહી. છ પૈકી બે વાનગી હલકા ધાન્યમાંથી બનેલી હોવી જોઈએ. (રાગી, કોદરી, સામો, મોરૈયો, બંટી, કાંગ, રાજગરો, જવ, જુવાર, મકાઈ, બાજરી વગેરે**

| ક્રમ | વીસરાતી વાનગીનું નામ | વાનગી બનાવવામાં વપરાતા પદાર્થોનું નામ | જથ્થો/નંગ ગ્રામ/કિલો | પ્રતિ એકમ વેચાણ ભાવ | અન્ય નોંધ |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ક્રમ | વીસરાતી વાનગીનું નામ | વાનગી બનાવવાની રીત | વાનગી પસંદ કરવાનું કારણ અને તેની વિશેષતા |
|---|---|---|---|
| | | | |